સંદેશ, તા.૧૦-૧૦-૨૦૨૩, પાના નં.૦૨

# મેટ્રોના એલ.પી.સવાણી રૂટ પર પહેલો ગર્ડર મુકાયો



સુરતમાં મેટ્રો રેલ કોરીડોર વિકસાવવા માટે બે અલગ અલગ રૂટ પર કામગીરી ચાલી રહી છે. ભેસાણથી સારોલી વચ્ચે ૧૯ કિલોમીટર લંબાઇમાં મેટ્રો રેલ કોરીડોર વિકસાવવા માટે ભેસાણથી એલ.પી.સવાણી થઇ ચોર આંબલા સુધીના રૂટ પર પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. આ કામગીરી અંતર્ગત સોમવારે એલ.પી.સવાણી રોડ પર પહેલો ગર્ડર મૂકવાની કામગીરી કરવામાં આવી હતી. સમગ્ર રૂટ પર આ પહેલો ગર્ડર છે. આ રૂટ પર તૈયાર થઇ ગએલા અન્ય તમામ પીલર પર ટૂંક સમયમાં જ ગર્ડર મુકવાની કામગીરી કરવામાં આવશે. - નિર્ભય કાપડિયા